જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૯/૨૦૧૬ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૩૫/૧૬**

**શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી ૨૩૧ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ રામોલ પોલીસે ઈંગ્લીશ દારૂ તથા બિયર ટીન મળી ૧૨૦ પેટી તથા ચાર વાહનો કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૧૫,૪૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.**

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૩૬/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૬૦ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૬૩૭/૧૬**

**કૃષ્ણનગરઃ** ગોડાભાઇ અમથાભાઈ પંચાલ (રહે. જલારામ રો હાઉસ મહાદેવનગરનો ટેકરો વસ્ત્રાલ) એ તા.૬/૯/૧૬ નારોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૫/૯/૧૬ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે ઘર થી સ્કૂલ સુધીના રસ્તામાંથી પોતાની પુત્રી અર્ચનાબહેન (ઉ.વ.૧૧) અને પુત્ર સમીર (ઉ.વ.૯) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી આર સંગાડા ચલાવે છે.

**બાપુનગરઃ** પ્રકાશભાઇ મનસુખભાઇ પરમાર (રહે, ગુ.હા.બોર્ડ ઉદભવ સ્કુલની બાજુમાં બાપુનગર) એ તા.૬/૯/૧૬ નારોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૪/૯/૧૬ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી નેહાબહેન (ઉ.વ.૧૭) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એમ.ગામીત ચલાવે છે.

**સોલા હાઇકોર્ટઃ** સુનીયાભાઇ ઉકીયાભાઇ ભાંભોર (રહે,કાચા છાપરામાં, ગોતા એ.એમ.ટી.એસ. બસ સ્ટેંડ પાસે, બ્રીજનાં છેડે, ગોતા, સોલા) એ તા.૬/૯/૧૬ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૭/૧૬ સવારના ૧૦/૩૦ થી તા.૩૧/૭/૧૬ ના કલાક ૪/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી અંજલીબહેન (ઉ.વ.૧૧) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.મેધાણી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૬૩૮/૧૬**

**રામોલઃ** રમીલાબહેન અરવિંદભાઇ પટેલ (રહે. તેજેન્દ્રપાર્ક અર્પણ સ્કુલ પાસે વસ્ત્રાલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૪/૯/૧૬ સાંજના ૬/૩૦ થી તા.૬/૯/૧૬ કલાક ૧૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકૂચો તોડી અજાણી વ્યક્તિ ઘરમા પ્રવેશ કરી સોના ચાદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૫૬,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે એન લાઠીયા ચલાવે છે.

**વેજલપુરઃ** ચીંતનભાઇ જયપ્રકાશભાઇ જાની (રહે.ટ્રસ્ટનગર સોસાયટી શ્રેયસ ક્રોસીંગ આયોજનનગર પાસે પાલડી) એ તા.૬/૯/૧૬ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૮/૧૬ કલાક ૨૪/૦૦ થી તા.૧/૯/૧૬ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના કિમત રૂપિયા ૬૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે વી એમ.દેસાઇ ચલાવે છે.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૧૬૩૯/૧૬**

**વટવાઃ** નિતીનકુમાર રમેશભાઇ પટેલ (રહે.પારસનગર, જેઠાભાઇની વાવ પાસે, ઇસનપુર, વટવા રોડ) એ તા.૫/૯/૧૬ નાં કલાક ૧/૩૦ વાગે ઘર નજીક પોતાની ટ્રાવેરા ગાડી નંબર જીજે ૨૭ એપી ૬૦૧૨ કિંમત રૂપિયા ૮,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી કલાક ૭/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ નિતીનકુમાર પટેલે તા.૫/૯/૧૬ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.ભટ્ટ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)